# કૂતરાની પૂંછડી અને બાળક

ન બોલવામાં નવ ગુણ
★ નટવર પંડ્યા



બાળપણમાં જેણે એકવાર પણ કૂતરાની પૂંછડી ખેંચી ન હોય એવું બાળક બતાવો! નાના બાળકો માટે અડપલાની યાદીમાં સૌથી ટોચના સ્થાને રહેલું અડપલું છે ‘કૂતરાની પૂંછડી ખેંચવી તે.’ આપણે જાણીએ છીએ કે ભગવાને કૂતરાની પૂંછડી તેના ખુશી, ભય જેવા ભાવો વ્યક્ત કરવા માટે આપી છે, પણ બાળક તો નિખાલસપણે માને છે કે ભગવાને કૂતરાની પૂંછડી ખેંચવા માટે જ બનાવી છે. જ્યારે કૂતરાને ખુદને ખબર નથી કે ભગવાને તેની પૂંછડી શા માટે બનાવી છે! હા, આજે મોબાઈલ અને ડીજીટલ ગેમના યુગમાં આવી બાળસહજ પ્રવૃત્તિઓ મરી પરવારી છે.

જ્યાં ‘નો’ (No) ત્યાં ગો (Go)ની બાળકની મૂળભૂત વૃત્તિ છે. ગલીમાં બે ત્રણ કૂતરા દેખાતા હોય અને મમ્મી પોતાની સાથે રહેલા આઠદશ વર્ષના બાળકને કડક સૂચના આપતી જ હોય કે કૂતરાને અડકીશ નહીં, બચકું ભરી લેશે. આમ સૂચનાનો મારો ચાલુ જ હોય ત્યાં જ બાજુમાંથી પસાર થતાં કૂતરાની પૂંછડી સાથે અડપલું કરવાની તક બાળક ઝડપી લે છે. કહેવાય છે કે તકને આગળથી જ ઝડપવાની હોય છે પણ બાળકો પાછળથી જ ઝડપે છે.

અમને એકવાર એક ભાઈએ સમાચાર આપ્યા કે પેલા તમારા પડોશી એવા કંચનબેનને કૂતરું કરડ્યું! અમે આવા માઠા સમાચાર આપનાર ભાઈને જ પૂછ્યું, ‘કેમ કરતા કરડ્યુ!?’ તો પેલા ભાઈએ કહ્યું, ‘બેને કૂતરાની પૂંછડી ખેંચી!’ આટલું કહી તેઓ જતા રહ્યા પણ અમારું મગજ ચકરાવે ચડી ગયું કે પાંત્રીસ વર્ષના કંચનબેનને આ શું સૂઝયું! તે કૂતરાની પૂંછડી ખેંચી! ઘેર પતિ તો હતા જ. વળી એમને તો ભગવાનની કૃપા છે કે તેમના પતિનો દેહ માનવનો છે પણ સ્વભાવ તો! એમને તો ઘેર બેઠા ગંગા છે. વળી આ ઉંમરે આમ કૂતરાની પૂંછડી ખેંચે એ જીવદયા પ્રેમીઓ જોઈ જાય તો કેવું ખરાબ લાગે. આવા વિચારોના પોટલા સાથે અમે દોડતા દોડતા કંચનબેનની ખબર કાઢવા ગયા. જતાવેંત પૂછ્યું, ‘આ શું થયું બેન! કૂતરું કેમ કરતા કરડ્યું!’ તેમણે કહ્યું, “પૂંછડી ખેંચી.!” અમે કહ્યું, “તમે આવડા મોટા કૂતરાની પૂંછડી ખેંચો તો પછી કરડે જ ને!” આ સાંભળીને જેમ એક શ્વાન બીજા શ્વાન સામે તાકતો હોય એમ કંચનબેન અમારી સામે તાકી રહ્યા પછી બોલ્યા, “ક્રિશું એ ખેંચી. મારી સાથે ક્રિશ હતો, ક્રિશું એ પૂંછડી ખેંચી અને કૂતરું મને કરડ્યુ.” ‘ઓહ સોરી સોરી, મને એમ કે! એ તો સમાચાર આપનાર ભાઈએ વાત જ અધુરી કરી એટલે હું તો દોડતો આવ્યો કે વળી કંચનબેનને આ શું સૂઝ્યું!’ આમ જમાદાર ક્રિશુએ જોયો અને માર કંચનબેને ખાધો. ‘સ્વરાજ મારો જન્મ સિદ્ધ હકક છે હું તે મેળવીને જ જંપીશ.’ એવી સિંહગર્જના મહાપુરુષ લોકમાન્ય તિલકે અંગ્રેજો સામે કરેલી. અમને તેમાંથી આપોઆપ નવું સૂત્ર મળી ગયું કે ‘અડપલાએ (મારો) બાળકોનો જન્મસિદ્ધ હક છે અને અમે તે કરીને જ જંપશુ.’ આપણે ત્યાં અડપલાના બે પ્રકાર છે. જાહેર અડપલા અને ખાનગી અડપલા. અડપલા શબ્દ સાંભળતા જિજ્ઞાસુઓના મનમાં એક દૃશ્ય રચાય છે, પણ અહીં યુવાનીના અડપલાની નહીં પણ બાળપણમાં નિર્દોષ ભાવે કરેલા અડપલાની વાત છે. બાળપણમાં આપણી મરજી પડે ત્યાં અડપલા કરી લેતા. છતાં તેમાં ક્યાંય કાયદો આડે આવતો નહીં કારણ કે, અડપલાં કરવા એ બાળકનો જન્મસિદ્ધ હક્ક છે અને દરેક બાળક તે હક્ક ભોગવવા સદા તત્પર હોય છે.

આપણને બાળપણમાં કોઈ કહેતુ કે ‘પેલો કાબરો ડાઘિયો બહુ ખતરનાક છે, એનું ધ્યાન રાખજે.’ એટલે આપણે તેને બરાબર ‘ધ્યાનમાં રાખીએ’ કે એકવાર તો એ ડાઘિયાની પૂંછડી ખેંચવી જ! ઘણા કેસમાં ‘બાળકે પૂંછડી ખેંચી હોય અને કૂતરું મમ્મીને કરડ્યુ હોય’ એવી ઘટનાઓ ઘટી છે. આ રીતે મમ્મીને કરડીને કૂતરાઓ દર્શાવે છે કે તમારા બાળઉછેરમાં કમી છે. બાળક તો ઘરમાં જેવું જુએ એવું કરે. મમ્મી ઘરમાં વારંવાર પપ્પાના કાન આમળતી હોય એટલે બાળક એ પ્રયોગ કૂતરા પર કરે અને કૂતરાનો કાન, પૂંછડી ખેંચે. બાળકને વિચાર આવે કે ઘરમાં સમ ખાવા પૂરતા પપ્પા એક જ છે અને પ્રયોગ કરનાર બબ્બે જણ. બિચારા પપ્પા કેટલુંક ખમે. એટલે બાળક પપ્પાને પડતા મૂકી કૂતરા પર હાથ અજમાવે છે. જોકે કૂતરાની પૂંછડી સાથે અડપલું કરવાની મજા જ કંઈક ઔર છે. જેમ ફટાકડાની વાટ સળગાવીને ભાગવાનું હોય છે એટલી જ ત્વરાથી કૂતરાની પૂંછડી ખેંચીને ભાગવાનું હોય છે.

**આપણે જાણીએ છીએ કે ભગવાને કૂતરાની પૂંછડી તેના ખુશી, ભય જેવા ભાવો વ્યક્ત કરવા માટે આપી છે, પણ બાળક તો નિખાલસપણે માને છે કે ભગવાને કૂતરાની પૂંછડી ખેંચવા માટે જ બનાવી છે**

બાળકની અડપલાંવૃત્તિની વાત માત્ર કૂતરા પર જ અટકતી નથી. બાળકને તો રસ્તામાં ચૂપચાપ ચાલી જતી નિરૂપદ્રવી ગાય માતાનાં શીંગડે અડપલું કરવાની પણ ઈચ્છા થાય. જો ગાય માતા શાંતિથી ઊભી હોય તો તેનું શીંગડું પકડી તેનું માથું હકારમાં, નકારમાં હલાવવું, વગેરે પ્રયોગો બાળપણમાં અમે પણ કરેલા. એમ તો રખડતા આખલાના શીંગડાને બે વાર અમારા હાથનો લાભ મળ્યો, પણ સામે આખલોય કોઈનું ઋણ રાખે તેવો નહોતો. એટલે ત્રીજા પ્રયોગમાં એમના શિંગડાનો લાભ મળતા સહેજમાં રહી ગયો. પછીથી આખલાજીને દૂરથી જ નમસ્કાર કરવાનું નક્કી કર્યું.

અમારા એક બાળમિત્રે તો એક ઘોડાની પાછળ દોડી તેનું પૂછડું પકડેલ. બદલામાં ઘોડાએ એકદમ સેવાભાવનાથી દંતયજ્ઞ કરી, ‘એક સાથે એક ફ્રી’ ના ધોરણે મિત્રના બે દાંત પાડી આપેલા. તેને બિચારાને હાથ નહોતા તો પગ વડે પાડી આપ્યા! પછી આગળ જતાં બાવન વર્ષની ઉંમરે અમારા મિત્રે એક સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાંથી ડોક્ટરની ઉપાધિ મેળવનાર (અને ઉપાધિ કરાવનાર!) ડેન્ટિસ્ટ પાસે દાઢ કઢાવી. ત્યારે તેણે તે ડેન્ટિસ્ટને કહેલું કે સાહેબ આટલી પીડા તો આ આગળના બે દાંત પડાવ્યા ત્યારેય નહોતી થઈ! ડેન્ટિસ્ટે પૂછ્યું, “કોની પાસે પડાવ્યા’તા?” મિત્રે કહ્યુ, “ઘોડા પાસે!” આ સાંભળી ડેન્ટિસ્ટે કહ્યું, “અરે ડો. ઘોડાસાહેબ તો ડેન્ટિલ સર્જરીમાં સુપર સ્પેશ્યાલિસ્ટ છે. એમની તો વાત જ ન થાય.” ત્યારે મિત્રે કહ્યું, “ઘોડા સાહેબ પાસે નહીં પણ ચાર પગવાળા ઘોડા પાસે પડાવેલા.” તો દંત ચિકિત્સકને થયું કે શું સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં હવે ઘોડાઓને પણ એડમિશન આપવા માંડ્યા છે? વિશેષ ચિંતા એ પણ થઈ કે જો આપણા ધંધામાં આ રીતે ઘોડાઓ ટાંગ અડાવશે તો માર્કેટમાં ટકવું મુશ્કેલ થઈ પડશે. ડેન્ટિસ્ટે પૂછ્યું, “એ ઘોડો અત્યારે શું કરે છે?” મિત્રે કહ્યું, “એ તો ગુજરી ગયો ને! એટલે સ્તો તમારી પાસે આવવું પડ્યું!”

કૂતરા, ગાય, બકરાની વાત જુદી છે પણ સિંહ, વાઘ, દીપડા,ચિતા, ઝરખ, હાથી જેવા પશુઓ આ બાબતમાં બહુ આળા હોય છે. એમને અડપલાનો અનુભવ ન હોય એટલે કોઈ સહેજ અડપલું કરે તો પણ તે છંછેડાઈ જાય. બાળક હોઈએ ત્યારે વાઘ, સિંહ, હાથીને જોઈને આપણને થતું કે ચાલો વહેવાર સાચવવા એકાદ નાનું અંમથું અડપલું કરતા જઈએ. એ બહાને હાથ વળે. આવા નિર્દોષ ઉદ્દેશ સાથે કોઈ તેને નાનું અમથું અડપલું કરે તો, તે ઋણ ન રાખે, વ્યાજ સહિત તરત જ ચૂકવે.

બાળપણની બુનિયાદી કેળવણીને પરિણામે અમે અહિંસક પશુઓને અડપલા કરવામાં એવું પ્રભુત્વ મેળવેલું કે બાળપણમાં અમે કૂતરાને લગભગ બત્રીસેક વખત અડપલા કરેલા. (ભૂલચૂક લેવીદેવી!) તેનાથી કૂતરાને ખબર પડી ગયેલી કે આ બત્રીસ (અપ)લક્ષણો છે. એ બત્રીસેક અડપલાંનું સરવૈયું કંઈક આવું છે. બત્રીસવાર અડપલા કરવા જતા ચાર વાર કૂતરું કરડેલું, પાંચ વાર અમારી પાછળ પડેલું અને અમે મિલ્ખાસિંઘની જેમ ભાગેલા. ભાગવા જતા બે વાર પડેલા, એકવાર હાડકા પણ ભાંગેલા. તેમાંથી ત્રણ વાર કૂતરાના મોઢામાં અમારી પીંડી નહીં પણ ફક્ત પેન્ટ જ આવેલું. જેથી ત્રણ પેન્ટ ફાટેલા. આ પરાક્રમોની ખબર પડવાથી પિતાજીએ અમને કુલ પાંચ વાર પુરસ્કાર આપેલો. આ રીતે તેમણે પંચકર્મ કરેલુ. અમે જો એ પ્રવૃત્તિ પૂરેપૂરી ગંભીરતાથી, એક કરિયર તરીકે લીધી હોત તો આજે અમે સિંહ, વાઘ, ચિતા, મગર અને ઝરખના પૂછડા ખેંચતા હોત. અરે દીપડાને તો વ્હીકલ તરીકે વાપરતા હોત. એ જ કળા સાથે અમે રાજકારણમાં ઝંપલાવ્યું હોત તો આજે અમે કેટલાય હરીફોના ટાંટીયા ખેંચીને ભોય ભેગા કર્યા હોત! પણ અફસોસ કે અમે એ સાંસ્કૃતિક પ્રવૃત્તિને અધવચ્ચે છોડી દીધી અને આ હાસ્યના ખેતરમાં હરાડા ઢોરની જેમ ઘૂસી ગયા. વાચક મિત્રોના નસીબ, બીજું શું!

## -:: ગરમાગરમ ::-

રામ નામ કી લૂંટ હે, લૂંટ શકે તો લૂંટ;
ફિર પીછે પછતાયેગા, જબ પ્રાણ જાયેગા છૂટ.

**– ભક્તકવિ કબીરજી**